# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૦૬/૧૦/૨૦૨૫ સોમવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૧૪૦૨/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૬ કેસ કરી, ૪૫ વ્યક્તિઓને ઝડપી, ૪૬૪ લીટર દેશી દારૂ, ૪૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૭૪ કવાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૭ બિયર ટીન, ૦૨ સ્કુટર અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૭ કેસ કરી ૪૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૬૧,૩૮૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૧૪૦૩/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૪૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ–** **સમાચાર યાદી નં.૧૪૦૪/૨૦૨૫**

**વેજલપુરઃ** જુહાપુરા ફારુક આઝમ સ્કુલની બાજુમાં ધોબીઘાટ પાસે રહેતી મહીલા (વિધવા) એ તા.૦૫/૧૦/૨૦૨૫ ના રોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે મહીલાએ યુ ટ્યુબમાં તાંત્રીક બાબા બ્લેક મેજીક તથા મુસ્લીમ તાંત્રીક શીફલી સ્પેશિયાલીસ્ટ બ્લેક મેજીક કારીબાબા મોલાનાજી નાઓની જાહેરાત જોતા જેમાં સંપર્ક માટે આપેલ મોબાઈલ નંબર ૯૭૩૦૪૪૫૩૩૧ અને ૯૯૭૦૬૨૨૭૯૩ ઉપર મહીલાએ સંપર્ક કરી મહીલાના પતિ તેમજ પુત્રનું સને ૨૦૨૪ માં અવસાન પામ્યા હતા તે બાબતે માહે માર્ચ–૨૦૨૫ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન વાતચીત કરતા મોબાઈલ નંબર–૯૭૩૦૪૪૫૩૩૧ અને ૯૯૭૦૬૨૨૭૯૩ ના ધારક અઘોરીબાબા ઉર્ફે બ્લેક મેજીકબાબા ઉર્ફે તાંત્રીક ઉર્ફે રામપ્રતાપ ભાર્ગવ સ/ઓ ઘનરાજ (જેના પુરા નામ–સરનામાની ખબર નથી તે) તથા મોબાઈલ નંબર ૭૭૨૭૮૬૪૦૨૫ ના ધારક ગુરૂમાતા ઉર્ફે વિજેંદ્રદેવી એ ભેગા મળી મહીલાને જણાવેલ કે કોઈએ તાંત્રીક વીધી કરતા તમારા પતિ તેમજ તમારા પુત્રનું અવસાન થયેલ છે તેમજ તમારા ઉપર પણ તાંત્રીક વીધી કરેલ છે. જો તાંત્રીક વિધી નહી કરાવો તો તમારૂં પણ મોત થઇ જશે, તેવો ડર બતાવી મહીલા પાસેથી વિધી કરવાના બહાને અલગ–અલગ માધ્યમથી કુલ રૂપિયા ૧૪,૧૮,૧૦૦/– મેળવી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી દોલતસિંહ નટુભાઇ ચલાવે છે.

**ચોરીઃ–** **સમાચાર યાદી નં.૧૪૦૫/૨૦૨૫**

**નારોલઃ** રાજુબા વા/ઓ બળવંતસિંહ ગોહિલ (ઉ.વ.૫૪)(રહે.ગોહિલ ફળીયું, ગામ–ચિતરવાડા, પોસ્ટ–પચેગામ, તા–તારાપુર, જી–આણંદ) તા.૦૫/૧૦/૨૦૨૫ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે લાંભા બળીયાદેવ મંદિર ખાતે દર્શન કરવા ગયા હતા ત્યારે મંદિરમાં દર્શનાર્થીનીઓની ભીડનો લાભ લઈ રાજુબા ગોહિલ નાઓની પાછળ લાઈનમાં ઉભી રહેલ ત્રણ અજાણી સ્ત્રીઓએ ભેગા મળી રાજુબા ગોહિલની નજર ચુકવી તેમના ગળામાંથી સોનાની ચેઈન કિંમત રૂપિયા ૧,૦૦,૦૦૦/– ચોરી કરી લીધી હતી. આ અંગેની ફરીયાદ રાજુબા ગોહિલ એ નારોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.સી.રાણા ચલાવે છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર ચાદી નં.૧૪૦૬/૨૦૨૫**

**ઓઢવઃ** ઓઢવ નેચનલ હેન્ડલુમ પાછળ ગોપીનાથ એસ્ટેટ વિભાગ–૨ શેડ નંબર–૧૬ "આર.કે ક્રિએશન" ખાતે કામ કરતા અને ત્યાં જ રહેતા અમન જગદિશભાઈ ગૌતમ (ઉ.વ.૨૦)(મુળ વતન. ગામ–અમાહી તા. બા, જી.આગ્રા ઉતરપ્રદેશ) એ અગમ્ય કારણસર આર.કે.ક્રિએશનના કારખાનામાં ઘાબાના હુકમાં કપડું બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી પ્રધાનજી ખેંગારજી ચલાવે છે.

પોલીસ ઈન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી